દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શનિવાર ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬

સાયબર ક્રાઈમ પર અંકુશ માટે બેંક અને ટેલિકોમ કંપનીને જવાબદાર ઠેરવવાની જરૂરીયાત છે

વિશ્વમાં જો કોઈ સૌથી વધુ ઝડપે વધી રહ્યા હોય તો તે સાયબર ક્રાઈમ છે. ઓટીપી મોકલીને છેતરપિંડી, ડિજિટલ એરેસ્ટ કરીને છેતરપિંડી, બારોબાર ખાતામાંથી નાણાં ઉપાડી લેવા,સિમ ક્લોન કરી લેવા સહિતના પેંતરાઓ ગુનેગારો અપનાવે છે અને સામાન્ય નાગરિક છેતરાય છે. આ તમામ છેતરપિંડી માટે જો કોઈ જવાબદાર હોય તો તે સિમકાર્ડ છે. ટેલિકોમ કંપનીઓ દ્વારા કોઈપણ પ્રકારના વેરિફિકેશન વિના જ સિમકાર્ડ વેચવામાં આવે છે અને આ સિમકાર્ડનો ગુનેગારો ઉપયોગ કરે છે. આ ગુનાખોરીમાં ક્યાંક બેંકની બેદરકારી હોય છે અને ક્યાંક ખુદ બેંકના કર્મચારીઓ પણ સામેલ હોય છે. પહેલાના સમયમાં જ્યારે સ્માર્ટ ફોન જ નહોતા ત્યારે આવી રીતે છેતરપિંડીઓ થતી નહોતી. ખરેખર આ પ્રકારની છેતરપિંડી માટે જે તે બેંક અને જે તે ટેલિકોમ કંપનીને જવાબદાર ઠેરવવી જોઈએ. આ વાતને કેન્દ્ર સરકારે પણ અનુમોદન આપ્યું છે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીમાં કેન્દ્રના ગૃહ મંત્રાલય દ્વારા એવી રજૂઆત કરવામાં આવી છે કે જો બેંકો અથવા ટેલિકોમ કંપનીઓની બેદરકારીને કારણે નુકસાન થયું હોય તો તેઓ જવાબદાર હોવા જોઈએ. સુપ્રીમ કોર્ટના આદેશ પર રચાયેલી મંત્રાલયની આંતરિક ઉચ્ચ-સ્તરીય સમિતીની બેઠકમાં તેઓ આ નિષ્કર્ષ પર આવ્યા હતા. ડિજિટલ એરેસ્ટ સહિતના સાયબર ગુનાઓ અટકાવવા માટે સિમકાર્ડના નિયમો કડક કરવા માટે પણ ચર્ચા કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ પર ગૃહમંત્રાલય દ્વારા એક સ્ટેટ્સ રિપોર્ટ રજૂ કરાયો છે અને તેમાં કહેવાયું છે કે આ સમિતી ગૃહમંત્રાલયમાં વિશેષ સચિવ (આંતરિક) સુરક્ષાની અધ્યક્ષતામાં કામ કરશે. આ બેઠકમાં સમિતીએ પીડિત વળતર અંગે એમિક્સની ભલામણો પર પણ વિચારણા કરી હતી. જેમાં નોંધવામાં આવ્યું કે સિસ્ટમ નિષ્ફળતા અથવા અન્ય કારણોસર પીડિતોને નુકસાન થવું જોઈએ નહીં. હાલની વળતર પદ્ધતિની સમિક્ષા થવી જોઈએ અને સુધારા અને ફેરફારો પણ કરવા જોઈએ.

કોર્ટને એ જાણ કરવામાં આવી હતી કે સમિતી દ્વારા દર બે અઠવાડિયે મીટિંગ કરવામાં આવશે. બેઠકમાં સીબીઆઈએ ડિજિટલ ધરપકડના કેસ માટે નાણાંકીય મર્યાદા નક્કી કરવાનું પણ સૂચન કરાયું હતું. આ મર્યાદાથી ઉપરના કેસોની તપાસ સીબીઆઈ દ્વારા કરાવી શકાય. જ્યારે તેનાથી નીચેની રકમના કેસોની તપાસ રાજ્યની એજન્સીઓએ કરવાની રહે છે. બેઠકમાં આરબીઆઈએ જણાવ્યું હતું કે, છેતરપિંડી શોધવા માટે એઆઈ આધારીત સાધનોનો બેંકોએ ઉપયોગ કરવો જોઈએ. શંકાસ્પદ વ્યવહારોમાં સામેલ ખાતાઓ ફ્રીઝ કરવા માટેની એસઓપીને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. એકવાર સૂચિત થયા બાદ સિમકાર્ડ જારી કરવામાં બેદરકારી અને એક જ વ્યક્તિને બહુવિધ સિમકાર્ડ જારી કરવા જેવા મુદ્દાઓને પણ ધ્યાને લેવામાં આવશે. સુપ્રીમ કોર્ટમાં આગામી તા.20મીના રોજ સુનાવણી પણ રાખવામાં આવી છે.

કોર્ટમાં આ સુનાવણી થતી રહેશે પરંતુ ખરેખર કેન્દ્ર સરકારે હાલમાં જે રીતે સાયબર ક્રાઈમો વધી રહ્યા છે તેને અટકાવવા માટેના ઉપાયો કરવા જ પડશે. કેન્દ્ર સરકાર મોડી જાગી છે અને તે પણ સુપ્રીમ કોર્ટના આદેશને પગલે જાગી છે. ખરેખર સરકારે પહેલેથી જ આ માટે પગલાઓ લેવાની જરૂરીયાત છે. જે રીતે બારોબાર વેરિફિકેશન કર્યા વિના હજારો સિમકાર્ડ ટેલિકોમ કંપનીઓ દ્વારા વેચવામાં આવી રહ્યા છે તેની પર બ્રેક લાગવી જોઈએ. ટેલિકોમ કંપની અને બેંકોને જો જવાબદાર ઠેરવવાની શરૂઆત કરવામાં આવશે તો સાયબર ક્રાઈમમાં મોટો ઘટાડો થાય તેમ છે. કેન્દ્ર સરકારે આ મામલે ઝડપથી જાગવાની અને પગલાઓ લેવાની શરૂઆત કરવાની જરૂરીયાત છે. જો તેમ થશે તો જ સરેરાશ નાગરિક સાયબર ક્રાઈમથી બચશે તે નક્કી છે.

પ.બંગાળમાં ચૂંટણી પહેલાંનો 'જંગ'

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

કોલસા કૌભાંડ સંદર્ભે ઈડીએ દરોડો પાડ્યો પણ મમતા પક્ષે કોર્ટમાં દલીલ થઈ કે, ૨૦૨૪ પછી ઈડીએ આ મુદ્દે કોઈ તપાસ હાથ ધરી નથી અને એકાએક કેમ તપાસ શરૂ થઈ અને એય ચૂંટણી ટાણે. બીજી બાજુ, મમતા ખુદ આઈપેકની ઓફિસે દોડી જશે એવી કોઈની ગણતરી નહિ હોય

પશ્ચિમ બંગાળમાં ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલાં રાજકીય તાપમાન ઊંચે ગયું છે. ખાસ કરીને ઈડી અને મુખ્યમંત્રી મમતા બેનર્જી વચ્ચેનો સંઘર્ષ હવે રસ્તા પરથી સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે અને કોર્ટે કહ્યું છે કે, આ સ્થિતિની અવગણના થઈ ના શકે. કાયદો વ્યવસ્થાનો પણ સવાલ છે. હવે આ મુદ્દે કાનૂની લડત તો ચાલુ જ રહેવાની પણ ચૂંટણીમાં આ મુદ્દો બરાબર ઉછાળાશે. ભાજપે દેશમાં વ્યાપક સત્તા મેળવી છે. દક્ષિણનાં કેટલાંક રાજ્યો અને ખાસ કરીને પ. બંગાળમાં ભાજપ સત્તાથી દૂર રહ્યો છે અને ત્યાં મમતા બેનર્જીના પક્ષને માત કરવામાં નિષ્ફળ રહ્યો છે. ઘણા દાવપેચ પછી પણ મમતા પરાસ્ત થયાં નથી. આ ચૂંટણીમાં ભાજપ મમતાને પરાસ્ત કરી સત્તા મેળવવા માગે છે પણ એમાં સફળ થશે? આ પ્રશ્નનો જવાબ મળતો નથી.

તાજેતરમાં ઈડીએ કોલકાતામાં આઈપેક (I-PAC) (તૃણમૂલ કોંગ્રેસની ચૂંટણી રણનીતિ સંભાળતી સંસ્થા) ના કાર્યાલય અને તેના ડિરેક્ટર પ્રતીક જૈનના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી ૨,૭૪૨ કરોડ રૂપિયાના કોલસા કૌભાંડ અને મની લોન્ડરિંગના કેસમાં કરવામાં આવી હોવાનું ઈડીએ જણાવ્યું છે. દરોડા દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનર્જી જાતે આઈપેકની ઓફિસ પહોંચ્યાં હતાં. તેમણે ઈડી પર ગંભીર આક્ષેપો કર્યા છે કે ઈડી ભાજપના 'એજન્ટ' તરીકે કામ કરી રહી છે અને ૨૦૨૬ની ચૂંટણી માટે ટીએમસીની ગુપ્ત રણનીતિ, ઉમેદવારોનાં નામ અને ડિજિટલ ડેટા ચોરવા માટે આ દરોડા પાડવામાં આવ્યા છે. કદાચ ઈડીને આવું થશે એની કલ્પના નહોતી. ભાજપને પણ નહિ હોય. બાદમાં ઈડી સુપ્રીમ કોર્ટ પહોંચી. આરોપ એ છે કે મુખ્યમંત્રીએ દરોડાના સ્થળે આવીને તપાસમાં અવરોધ ઊભો કર્યો અને અધિકારીઓ પાસેથી મહત્ત્વના દસ્તાવેજો તથા લેપટોપ છીનવી લીધાં. એજન્સીએ આ ઘટનાની નિષ્પક્ષ તપાસ માટે CBI તપાસની માંગ કરી છે. સુપ્રીમ કોર્ટે આ મામલે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું છે કે જો કેન્દ્રીય એજન્સીઓની તપાસમાં રાજ્ય સરકારો આ રીતે હસ્તક્ષેપ કરશે, તો દેશમાં 'અરાજકતા' ફેલાઈ શકે છે. કોર્ટે હાલ પૂરતી બંગાળ પોલીસની ED અધિકારીઓ સામેની કાર્યવાહી પર સ્ટે મૂક્યો છે.

કોલસા કૌભાંડ સંદર્ભે ઈડીએ દરોડો પાડ્યો પણ મમતા પક્ષે કોર્ટમાં દલીલ થઈ કે, ૨૦૨૪ પછી ઈડીએ આ મુદ્દે કોઈ તપાસ હાથ ધરી નથી અને એકાએક કેમ તપાસ શરૂ થઈ અને એય ચૂંટણી ટાણે. આ વાતમાં દમ છે. બીજી બાજુ, મમતા ખુદ આઈપેકની ઓફિસે દોડી જશે એવી કોઈની ગણતરી નહિ હોય. સાથે બંગાળના આઈજી હોય. આવી ઘટના ક્યારેય કોઈ રાજ્યમાં બની નથી. આ સ્થિતિ કોઈ પણ પ્રકારે શોભનીય નથી.

હવે કોર્ટમાં આ કેસ લાંબો સમય ચાલશે. પણ આ વિવાદની ચૂંટણીમાં કેવી અસર થશે એ મુદ્દે અટકળો શરૂ થઈ ગઈ છે. ટીએમસી આ મુદ્દાને 'બંગાળની અસ્મિતા' અને 'કેન્દ્ર દ્વારા પજવણી' તરીકે રજૂ કરીને જનતા વચ્ચે લઈ જઈ રહી છે. તો ભાજપ અને અન્ય વિરોધ પક્ષોએ મમતા બેનર્જીના આ હસ્તક્ષેપ બાદ રાજ્યમાં બંધારણીય કટોકટી હોવાનું જણાવી 'રાષ્ટ્રપતિ શાસન' (કલમ ૩૫૬) લાદવાની માંગ પણ ઉચ્ચારી છે. ભાજપે અગાઉ પણ મમતાને ભીડવવાની કોશિશ કરી છે. પછી એ શારદા કૌભાંડ હોય કે મનરેગાનાં નાણાં ના ફાળવવાનો નિર્ણય હોય પણ ભાજપને ચૂંટણીમાં સફળતા મળી નથી. અલબત્ત ભાજપ અહીં બીજા નંબરનો પક્ષ છે. એમ તો ભાજપે તૃણમૂલમાં તોડફોડ પણ કરી છે. ઘણા નેતાઓ ભાજપમાં સામેલ થયા છે અને એમાંના કેટલાક સામે અગાઉ ભ્રષ્ટાચારના આરોપો પણ હતા.

નરેન્દ્ર મોદી અને ભાજપને મમતાએ ટક્કર આપી છે એવી કોઈ વિપક્ષે આપી નથી. મમતા બેનર્જીના નેતૃત્વમાં તૃણમૂલ ફરી એક વાર 'બંગાળની દીકરી' અને 'કેન્દ્ર વિરુદ્ધ બંગાળ'ના મુદ્દે ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે. એ એકલા હાથે ચૂંટણી લડે છે. લક્ષ્મી ભંડાર જેવી લોક કલ્યાણકારી યોજનાઓ અને કેન્દ્રીય એજન્સીઓ દ્વારા પજવણીનો મુદ્દો એમના પક્ષે છે.

ભાજપે ૨૦૨૧ની સરખામણીએ ૨૦૨૬માં વધુ આક્રમક રણનીતિ અપનાવી છે. ભાજપ ભ્રષ્ટાચાર (શિક્ષક ભરતી કૌભાંડ, કોલસા કૌભાંડ) અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિને મુખ્ય હથિયાર બનાવી રહી છે પણ લાગે છે કે, ભાજપે આનાથી પણ વધુ રણનીતિ અપનાવવી પડશે. એસઆઈઆરના કારણે કેટલાં મતદારોનાં નામ રદ થાય છે અને એની અસર કોને કેવી થાય છે એ પણ મહત્ત્વનું છે. બાકી ચૂંટણી નજીક આવે એટલે વિપક્ષ પર ઈડી સીબીઆઈનું દબાણ વધે છે એ સામાન્ય બની ગયું છે. અગાઉ ઝારખંડ, બિહાર અને અન્ય રાજ્યોમાં આવું બની ચૂક્યું છે.

આ ચૂંટણી મમતા વિરુદ્ધ ભાજપ છે. કોંગ્રેસ અને ડાબેરીઓ ત્રીજો મોરચો ખરો પણ એમનું બંગાળમાં ઉપજી રહ્યું નથી. મમતા કોંગ્રેસ સાથે સમજૂતી કરે એવી શક્યતા નથી. અલબત્ત છેલ્લી કેટલીક પેટા ચૂંટણીઓમાં ડાબેરી પક્ષોના મતોમાં વધારો જોવા મળ્યો છે, જે તૃણમૂલ માટે ચિંતાનો વિષય બની શકે છે. જો કે, મમતા બેનર્જીનો સૌથી મોટો આધાર મહિલાઓ છે. જો વિપક્ષ આ વોટ બેંકમાં ગાબડું પાડે તો પરિણામ બદલાઈ શકે છે. ઉપરાંત બંગાળમાં આશરે ૩૦ ટકા લઘુમતી મતો છે, જે પરંપરાગત રીતે તૃણમૂલ તરફ જાય છે. ભાજપ તરફ એ વળે એવી શક્યતા દૂર દૂર સુધી નથી. જો ડાબેરીઓ એમાં કાપ મૂકે તો ટીએમસીને નુકસાન થઈ શકે અને હા, ચૂંટણી પહેલાં જો કોઈ મોટા નેતાની ધરપકડ થાય, તો સહાનુભૂતિ અથવા રોષની લહેર ઊભી થઈ શકે છે. મોદી સરકાર આવું પગલું તો નહિ લે, રાષ્ટ્રપતિ શાસન પણ શક્ય નથી એટલે ભાજપે ચૂંટણીમાં મમતાને માત કરવા કંઈ વિશેષ કરવું પડે એમ છે.

માયાવતીની જાહેરાત, બસપા બેઠો થઇ શકશે?

બસપા સુપ્રીમો માયાવતીએ પોતાનો ૭૦મો જન્મદિવસ 'જનકલ્યાણકારી દિવસ' તરીકે ઉજવ્યો. આ પ્રસંગે તેમણે કરેલી જાહેરાતો અને લીધેલા નિર્ણયો આગામી ૨૦૨૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે ખૂબ મહત્ત્વના માનવામાં આવે છે.જો કે, છેલ્લી ચૂંટણીઓમાં બસપાનો વોટ શેર સાવ તળિયે ગયો છે. આમ છતાં માયાવતીએ સ્પષ્ટ કર્યું છે કે ૨૦૨૭ની યુપી વિધાનસભા ચૂંટણીમાં બસપા કોઈ પણ પક્ષ સાથે ગઠબંધન નહીં કરે. તેમણે કહ્યું કે ગઠબંધનથી બીજી પાર્ટીઓને ફાયદો થાય છે પણ બસપાના મતો ટ્રાન્સફર થતા નથી.એમણે ફરી એક વાર ઈવીએમ પર શંકા વ્યક્ત કરી અને કહ્યું કે જો ચૂંટણી બેલેટ પેપરથી થાય તો બસપાના 'અચ્છે દિન' પાછા આવી શકે છે. જો કે એ શક્ય નથી. તેમણે પોતાના સંઘર્ષની ગાથા 'મારા સંઘર્ષમય જીવન અને બસપા મુવમેન્ટની સફર' (ભાગ-૨૧) પુસ્તકનું વિમોચન કર્યું, જે કાર્યકરો માટે માર્ગદર્શિકા ગણાય છે.

માયાવતીએ કાર્યકરોને ગામડે-ગામડે જઈને 'બહુજન મિશન ૨૦૨૭' અંતર્ગત લોકો સાથે જોડાવા આદેશ આપ્યો છે. ભત્રીજા આકાશ આનંદને ફરીથી જવાબદારીઓ સોંપી છે, જે યુવા મતદારોને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે.૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં દલિત મતોનું જે વિભાજન થયું હતું, તેને રોકીને ફરીથી એકજૂથ કરવા પર પક્ષ ભાર મૂકી રહ્યો છે. સપાની પીડીએ નીતિ પર પણ વાર કરવાની વાત કરી પણ બસપાનો માર્ગ મુશ્કેલ છે. માયાવતી સામે અનેક કેસ ચાલે છે. ચન્દ્રશેખર આઝાદ દલિત વોટમાં ભાગ પડાવે છે. ભાજપ પાસે માયાવતી સામે કાયદાકીય કાર્યવાહીનો વિકલ્પ રહે છે. આ સ્થિતિમાં બસપાની વાપસી શક્ય લાગતી નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

એક ચકલી ને સૂકું ઝાડ

એક ચકલીએ એક ઝાડ પર પોતાનો માળો બાંધ્યો અને ઈંડાં મૂક્યાં, ઝાડની છાયામાં ઈંડાંને સેવ્યાં અને થોડા દિવસમાં બચ્ચાં બહાર આવ્યાં.બચ્ચાં ઝાડની છાયામાં સુખરૂપ રહેતાં અને ચકલી ઝાડનાં ફળો પોતાનાં બચ્ચાને ખવડાવતી. ઝાડની છાયામાં સુખરૂપ દિવસો વીત્યા. ચકલીનાં બચ્ચાં મોટાં થઈને ઊડી ગયાં પણ ચકલી ત્યાં જ રહી. તે રોજ ઊડીને ચણવા જતી અને સાંજે તે ઝાડ પર જ આવી જતી.

અચાનક ઝાડ અકળ કારણોસર સુકાવા લાગ્યું. પાંદડાં બધાં ખરી ગયાં. હવે ન તો તેના પર પાંદડાં હતાં કે ન ફળ ફૂલ. બિચારું ઝાડ સાવ સૂકું ઠુંઠું થઈ ગયું. ઝાડ પર રહેનારાં પંખીઓ બીજે ચાલ્યાં ગયાં, પણ ચકલી ત્યાં જ રહી. તે રોજ સવારે ફળ અને પાણીની શોધમાં જતી. પછી ઝાડ પર આવી તેની સૂકી ડાળી પર બેસીને આરામ કરતી.

બીજાં બધાં પક્ષીઓ તેની મજાક ઉડાવતાં કહેતાં, '' તું ગાંડી છે. શું કામ આ સૂકા ઝાડ પર રહે છે? તું કોઈ લીલાછમ ઝાડ પર જતી રહે, જ્યાં ખોરાક સહેલાઈથી મળે અને છાંયડો પણ મળે. અહીં નથી ખોરાક માટે ફળ કે નથી છાંયડો તો અહીં શું કામ રહે છે?'' ચકલી હસીને જવાબ આપતી કે, ''આ ઝાડ જ્યારે હર્યું ભર્યું લીલુંછમ હતું ત્યારે તેણે મને અને તમારામાંથી કેટલાયને આશ્રય આપ્યો હતો. તેણે મને જાળવી તો તેના ખરાબ સમયમાં હું તેને કઈ રીતે છોડી શકું? હું તો અહીં જ રહીશ...અને પ્રાર્થના કરીશ કે તે ફરી લીલુંછમ થઈ જાય.''

પક્ષીઓ હસતાં કે, ''એમ તારી પ્રાર્થનાથી થોડું આ સાવ સુકાયેલું ઝાડ ફરી લીલુંછમ થશે? તું તડકામાં તપીને હેરાન થઈશ તે સમજી લે.'' ચકલી બોલી, ''ભલે હું હેરાન થાઉં પણ હું આ ઝાડને છોડીને ક્યાંય નહિ જાઉં અને તેના લીલાછમ થવાની પ્રાર્થના કરતી રહીશ.''

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

જાણે ચકલીની પ્રાર્થના ઈશ્વરે સાંભળી હોય તેમ પહેલો વરસાદ પડ્યો અને જાદુ થયો. સુકાયેલા ઝાડમાં જ્યાં ચકલી રોજ બેસતી હતી તે સ્થાને લીલીછમ કૂંપળ ફૂટી અને થોડા વખતમાં ઝાડ ફરી લીલુંછમ થઈ ગયું. ચકલી તેની છાયામાં આનંદથી રહેવા લાગી અને ફરી ઝાડ છોડી ગયેલાં પક્ષીઓ ઝાડ પર રહેવા આવવા લાગ્યાં. ચકલી તેમને એટલું જ બોલી કે, ''સુખનો આનંદ લેવા આવ્યાં છો , પણ હવે વફાદારી રાખજો. દુઃખમાં છોડી ન જતાં.''

જીવનમાં પણ જેણે આપણને સાચવ્યાં હોય, જાળવ્યાં હોય તેના પ્રતિ વફાદાર રહેવું જોઈએ. તેના ખરાબ સમયમાં તેને છોડી ન જવાય. તેની સાથે રહીને તેને હિમત અપાય. સાચી વફાદારીનું ફળ હંમેશા મીઠું મધુરું હોય છે.

યુવાપેઢીમાં વધતા સ્ટ્રેસને કારણે માઈક્રો વેકેશન માણવાનો ટ્રેન્ડ પણ વધતો જાય છે!

વિનોદ પટેલ

યુવા પેઢીમાં જોવા મળતાં ઈમોશન્સ, સ્ટ્રેસ, એન્ઝાયટી પર હાથ ધરવામાં આવેલાં મનોવૈજ્ઞાનિક સર્વેક્ષણો જણાવે છે કે હવે એ સમય પાકી ગયો છે કે નવી પેઢીને શાળા-કોલેજ કક્ષાએ સ્ટ્રેસ અને ઈમોશન્સને નિયંત્રિત કરવાનું શીખવવામાં આવે

''મોત કા ભી ઈલાજ હો શાયદ, જિંદગી કા કોઈ ઈલાજ નહિ.''(ફિરાક ગોરખપુરી) પડકારો, તણાવ અને સંઘર્ષથી ભરેલી જિંદગી તરફ આ કવિનો ઈશારો છે. જો કે તેણે એમ નથી કહ્યું કે જિંદગીનો આખરી ઈલાજ આપઘાત છે. જિંદગી ગમે તેટલી દુષ્કર હોય તો પણ જીવવા માટે છે, અકાળે મરવા માટે નથી. આજની યુવા પેઢીનાં ઘણાં યુવાનોને એવું તે શું થઈ જાય છે કે એને જિંદગી અઘરી અને મોત સહેલું લાગવા માંડે છે? એવી કઈ હતાશા છે, જે તેના મગજના 'ડોપોમાઈન' અંતઃસ્રાવને સૂકવી નાંખે છે?! આજે AI, ચેટબૉટના યુગમાં ગળાંકાપ સ્પર્ધા છે. અસ્તિત્વ ટકાવી રાખવા માટે ટક્કર આપવી પડે છે. બીજી તરફ યુવાનોનાં સપનાં છે. ટાર્ગેટ છે. ગોલ છે. સાથે પારિવારિક પ્રશ્નોનો પહાડ છે. બ્રેકઅપ છે. થોડા પ્રેમની ઝીલ છે અને સામે નફરતની ઊંડી ખાઈ છે!

યુવા પેઢીમાં જોવા મળતાં ઈમોશન્સ, સ્ટ્રેસ, એન્ઝાયટી પર હાથ ધરવામાં આવેલાં મનોવૈજ્ઞાનિક સર્વેક્ષણો જણાવે છે કે હવે એ સમય પાકી ગયો છે કે નવી પેઢીને શાળા-કોલેજ કક્ષાએ સ્ટ્રેસ અને ઈમોશન્સને નિયંત્રિત કરવાનું શીખવવામાં આવે. યુવાનો વિપરીત પરિસ્થિતિમાં ભાંગી ન પડે, તૂટી ન જાય, આત્મહત્યા ન કરે એ માટેની સમજણ તેમનામાં વિકસાવવાની જરૂર છે. તે સાથે ઝંઝાવાત, પડકારો સામે ટટ્ટાર શી રીતે ઊભા રહી શકાય તેનું પ્રશિક્ષણ પણ આવશ્યક છે.

હાથ ધરેલા સર્વેક્ષણમાં યુવાનોએ આપેલા પ્રતિભાવોનું પૃથક્કરણ કરતાં જાણવા મળ્યું કે તેમની સામે આજે ડગલે ને પગલે પડકારો છે, સંઘર્ષ છે. પોતાની જાતને સક્ષમ સાબિત કરવા માટે અને અસ્તિત્વને ટકાવી રાખવા માટે એ જાત ઘસી નાંખે છે અને અડધી જિંદગી સુધી સંઘર્ષો સામે લડતો જ રહે છે! તેને સતત ભય રહે છે કે દુનિયાની દોડમાં હું સજાગ નહિ રહું તો પાછળ રહી જઈશ તેથી દિન-રાત દોડતો રહે છે! હાંફતો રહે છે! એક વાર ટોચ પર સફળ થઈ જાય તો ત્યાં ટકી રહેવાનું એક બીજું પ્રેશર તેનો પીછો કરે છે!

યુવા પેઢી માટે આજે બે બાબતો સૌથી વધુ મહત્ત્વની છે. એક 'કેરિયર' અને બીજું 'પર્સનલ લાઈફ.' આ બાબત યુવક અને યુવતી બંનેને એક સરખી લાગુ પડે છે. આજના મોંઘવારી અને સ્પર્ધાત્મક યુગમાં પતિ-પત્ની બંને કમાતાં હોય તો જ બે છેડા ભેગા થઈ શકે અને કંઈક અંશે જીવન જીવવા જેવું લાગે. બાકી હજારો યુવક-યુવતી 'જીવતાં' તણાવ, તાણ જેને અંગ્રેજીમાં સ્ટ્રેસ કહેવામાં આવે છે તે જીવનના દરેક તબક્કે જોવા મળે છે.

તેણે ક્યાં પહોંચવું છે? તેનું અંતિમ લક્ષ્ય શું છે? ત્યાં સુધી પહોંચવા શું કરવું? અને જો નહિ પહોંચાય તો તેનો વિકલ્પ શું? અને પહોંચી ગયા પછી આગળ શું? તે અંગે કોઈ વિચારતું નથી. કોઈ શીખવતું પણ નથી. પૈસા, સંપત્તિ, સમજવું પડશે કે એ જ માત્ર જીવનને સુખી કરી શકશે નહિ! સુખી થવા માટે સુખને સમજવું પડે છે. દુઃખને સહન કરવું પડે છે અને ઘણું બધું જતું કરી પરિસ્થિતિ સાથે અનુકૂલન સ્થાપવું પડે છે.

આજે બાળકોને આ બધું શીખવવાનો શાળા પાસે, મા-બાપ પાસે સમય નથી. જ્યાં મા-બાપની તૈયારી છે ત્યાં છોકરાં શીખવા તૈયાર નથી! બધાં જ પોતાના અનુભવ અને સમજણ પ્રમાણે પોતપોતાના રસ્તા સ્વયં નક્કી કરી લે છે અને એ રસ્તા જ સાચા છે એમ માની આયખું પૂરું કરે છે! જયારે એ નિર્ણય, એ માર્ગ, એ આકાંક્ષા ખોટાં સાબિત થાય છે ત્યારે આયખાનો માર્ગ અકાળે કાપી નાંખે છે!

મલ્ટીનેશનલ, ખાનગી કંપનીઓમાં જોબ કરતાં યુવાનોને છૂટતી વેળાએ કંપનીની બસમાં ઝોકાં ખાતાં અને ઘેર આવી પહેરેલા બૂટ સાથે ઊંઘી જતાં જોયાં છે? શું આ યુવાનો સહાનુભૂતિને પાત્ર નથી? યુવાનોને અઠવાડિયે નેવું કલાક હાર્ડવર્કની સલાહ આપતાં મલ્ટીનેશનલ કંપનીના સી.ઈ.ઓ.ને યુવાનોની માનસિકતાનો ખ્યાલ નહિ આવતો હોય? શું ખાનગી કંપનીઓ તેનું પ્રોડકશન વધારવાની લ્હાયમાં વધુ નફો રળી લેવાની વૃત્તિથી પ્રેરાઈને યુવાન કર્મચારીઓનું શોષણ કરતી હશે?

બેકારી, મોંઘવારી, શોષણ, સ્ટ્રેસ, સેલેરીની અનિયમિતતા, જોબના સ્થળે બોસનો ત્રાસ આ બધાં નકારાત્મક પરિબળો, યુવા પેઢીને નિરાંતે જીવવા દેતાં નથી. બીજી તરફ ઘણાં સિનિયર સિટિઝન્સનો, યુવા પેઢી પ્રત્યેનો દૃષ્ટિકોણ સકારાત્મક જણાતો નથી. આજની યુવા પેઢી સ્વચ્છંદી બની ગઈ છે. યુવાનો બગડી ગયાં છે, આવા આક્ષેપો કરતાં રહે છે. આથી બંને પેઢી વચ્ચેનું અંતર વધતું જાય છે.

માનસિક તાણમાંથી બહાર આવવા યુવક- યુવતીઓ, પતિ-પત્ની અને બાળકો દર રવિવારે બહાર ફરવા જાય, બહારનું ભોજન લે એ સ્વાભાવિક છે. તેની ટીકા-ટીપ્પણી નહિ કરતાં પ્રોત્સાહન આપવાની જરૂર છે.

યુવાનોમાં વધતા જતા સ્ટ્રેસને કારણે સાંપ્રત યુગમાં દિવાળી વેકેશન કે ઉનાળુ વેકેશનમાં ટૂર પર જવાનો ટ્રેન્ડ એટલા માટે જ વધ્યો છે. કેમ કે તણાવ વધ્યો છે. આ તણાવ ઓફિસમાં હોય તો ગનીમત, પરિવારમાં પણ વધ્યો છે. તેથી વર્ષ દરમિયાન સતત દોડધામવાળી જિંદગીથી કંટાળેલા યુવાનોમાં થોડા દિવસ બ્રેકપ લેવાનો ટ્રેન્ડ વધતો જાય છે. આજના યુવાનો હવે પારંપરિક રિટાયરમેન્ટની રાહ નથી જોતાં, પરંતુ કેરિયરની શરૂઆતમાં જ થોડા દિવસનો બ્રેક લઈ પોતાને માનસિક રીતે રિસેટ કરે છે.

અમેરિકામાં આ ટ્રેન્ડ વર્ષોથી ચાલી આવે છે. મૂળ અમેરિકનો ભૌતિકવાદી વલણ ધરાવે છે. તેઓ વધુ પડતી બચત કરી, પેઢી દર પેઢી ચાલે તેટલું ભેગું કરી અકાળે વૃદ્ધ થવામાં માનતાં નથી. પરંતુ બચતના પૈસાનો ઉપયોગ લાંબી રજા લઈ ટૂરમાં જવા માટે કરે છે. તેઓ 'મરો ત્યાં સુધી જીવો'-ની થિયરીમાં માને છે! જીવનને માણવા વૃદ્ધત્વ સુધી રાહ જોતાં નથી! ભારતનાં યુવાનો પણ હવે આ દિશામાં પગરણ માંડી રહ્યાં છે. તેમનું આ વલણ સાચું અને યોગ્ય દિશાનું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

મહારાષ્ટ્રીયન સમાજની 'હલ્દી કંકુ'ની રસમ

મહારાષ્ટ્રીયન સમાજ અર્થાત મરાઠી સમાજથી સુરતવાસીઓ બહુ સારી રીતે પરિચિત છે. સુરતીઓ સાથે હળી, મળીને ભળી ગયા છે. સરકારી ખાતામાં બેંકોમાં ખાનગી પેઢીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન કરે છે. વિશ્વાસ અને પ્રમાણિકતા આ સમાજના લોહીમાં છે. શિવાજી મહારાજ આ સમાજના લોકનાયક છે. શિવાજી મહારાજના નામથી ઠેર ઠેર મંડળી ચાલે છે. દર વર્ષે ઉત્તરાયણના પતંગપર્વ દરમિયાન આ સમાજના 'હલ્દી કંકુ' નામનો એક કાર્યક્રમ આયોજીત થાય છે. કોઇ એક જગ્યા પર માતાજીની સ્થાપના કરવામાં આવે છે. ચારે બાજુ રંગીન તોરણથી શણગાર કરવામાં આવે છે. વહેલી સવારથી રંગીન સાડીમાં સજ્જ થઇને દર્શન કરવા માટે મહિલાઓની લાઇન લાગે છે. મહિલાઓને મન આ એક મહત્ત્વની રસમ હોવાથી હોંસે હોંસે ઉમંગ ઉત્સાહથી એમાં ભાગ લે છે.

સૌભાગ્યવતી મહિલાઓ એક બીજાને હલ્દી કંકુ લગાવીને આ પવિત્ર વિધિ પ્રેમથી નિભાવે છે. બે હાથ જોડી નમન કરીને પ્રસાદ લઇને વિદાય લે છે. આ કાર્યક્રમમાં મંડળના યુવાનો ખડે પગે સેવા આપે છે. આ પૌરાણિક ધાર્મિક વિધિ હોવાથી બધા નિયમોનું પાલન કરે છે. સાદાઇથી શાંતિથી અત્યંત પવિત્ર વાતાવરણમાં વિધિ પુરી થાય છે. વર્ષોથી આ પવિત્ર વિધિ અમે ભાવપૂર્વક નિહાળીએ છીએ મન પ્રસન્ન થાય છે.

ગોપીપુરા, સુરત -જગદીશ પાનવાલા

ભવાઈ: સુરતને આંગણે ભાતીગળ ઉત્સવ

તા.11મી જાન્યુઆરી 2026ના 'મિત્ર'માં વિહંગ મહેતાએ આ વિષય પર બેનમૂન પ્રકાશ પાડયો. અભિનંદન. ભવાઈ એ ગુજરાતનું પરંપરાગત લોકનાટય. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વધુ પ્રચલિત એવો નાટ્ય પ્રકાર, જેનો વ્યાપ, વિસ્તાર અને લોકપ્રિયતા કલ્પી ન શકાય તેટલી વિશાળ છે. ધંધાધારી નાટકોની માફક તેના શો નથી થતા છતાં આજે એક અભ્યાસ પ્રમાણે રાજ્યમાં જણાવેલ વિસ્તારનાં 600થી વધુ કુટુંબો તેના પર નભી રહ્યાં છે. દિવસે ગામમાં જાહેરાત થાય. રાતે ખેલ થાય. જે સેંકડો હજારોની સંખ્યામાં લોકો જુએ છે. માણે છે. વખાણે છે. આ કલાના લોકોમાં પ્રચાર, પ્રસાર થાય તે માટે કલા મહાકુંભમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી સમાવાઈ જે આનંદ ને આવકારદાયક વાત છે. સુરતના કામરેજ ખાતે આ મહાકુંભનું આયોજન થયું હતું. આ ભવાઈની